ચક્ષુદાન મહાદાન







દિવ્યજ્યોતિ ટ્રસ્ટ








# છઠ્ઠો વાર્ષિક અહેવાલ ૨૦૧૫-૧૬

ઘસાઈને ઉજળા થઈએ, બીજાના ખપમાં આવીએ. - રવિશંકર મહારાજ

## "અમી છાંટણા" થી "અનરાધાર વર્ષા" સુધી

દિવ્યજ્યોતિ ટ્રસ્ટ દ્વારા માંડવી વિસ્તારમાં આંખની હોસ્પિટલ શરૂ કરવાનું નકકી કર્યુ ત્યારે આ વિસ્તારમાં આંખની સારવારની સુવિધા નથી એમ ખ્યાલ આવ્યો હતો. અને ૨૦ વર્ષનો ગ્રામ્ય વિસ્તારમાં આંખની સારવાર કરવાનો અનુભવ હતો. તેથી ૪૦ પથારીની આંખની હોસ્પિટલ દ્વારા આંખના લગભગ બધા જ પ્રકારના રોગની સારવાર આપી શકાય તેવું આયોજન કર્યુ. ૨૨મી મે ૨૦૧૧ના દિવસે હોસ્પિટલનું લોકાર્પણ કર્યુ ત્યારે સૌ આમંત્રિતો, શુભેચ્છકો દાતાઓની ઉપર ભરઉનાળે આકાશમાંથી છાંટા વરસ્યા અને શબ્દશ: "અમી છાંટણા" થયાની અનુભૂતિ થઈ.

બીજે જ દિવસે મેગા આઈ કેમ્પને મળેલા બહોળા પ્રતિસાદને જોતાં જ સમજાઈ ગયેલું કે અહી લોકોને આંખની સારવારની ખૂબ જ જરૂરિયાત છે. પહેલે જ દિવસે મળેલા બે વાહનો –૪૦ સીટની આઈશર બસ અને ટાટા સુમો કેમ્પના પ્રચારમાં અને દર્દી તથા સ્ટાફને પરિવહન સેવા આપવાના કામમાં દોડવા લાગ્યા. ત્યારબાદ 'છાંયડો'ના આર્થિક સહયોગથી દર્દી, સગા તથા સ્ટાફને માટે કોમ્યુનિટી કીચનની સુવિધા ઉમેરાઈ.

ડોકટરો પૈકી ડો. રોહનભાઈ, ડો. શીતલબેન અને ડો. કામિનીબેને શરૂઆતમાં જનરલ ઓપ્થેલ્મોલોજીસ્ટ તરીકે કામગીરી શરૂ કરી. અન્ય કન્સલ્ટન્ટ ડોકટરો નિયમિત રીતે મહિનામાં ૧ કે ૨ વાર આવીને પોતાની સેવાઓ આપતા હતા. જાન્યુઆરી ૧૨ થી પડદાના ડોકટર ખુશ્બુબેન ફુલટાઈમ જોડાતાં પડદાના રોગો માટે આવતા દર્દીઓની સંખ્યામાં જબરદસ્ત વધારો નોંધાયો. (ઝામર) ગ્લુકોમા કન્સલ્ટન્ટ ડો. મીનાબેન દોશી– જેઓ મુંબઈથી આવતા હતા. તેમને ઓપીડી જોતાં ઘણીવાર જમવાનો કે ચા–નાસ્તો કરવાનો સમય પણ મહામુશ્કેલીએ મળતો એટલે કે ઝામરના દર્દીઓ શબ્દશ: "તૂટી પડતા". આ પરિસ્થિતિ જોતાં ડો. શીતલબેનને ઝામરની સારવારની તાલીમ લેવા પૂના–એચ.વી.દેસાઈ ઈન્સ્ટીટયૂટમાં મોકલ્યા. તેઓ હવે ઝામરની સારવારનું કામ સંભાળે છે. ડો. રોહનભાઈ કોર્નીયાની સારવાર શરૂઆતથી જ સંભાળતા હતા. ત્યારબાદ સુરતથી ડો. રોહનભાઈ ઠકકર અને પછીથી મુંબઈથી ડો. સોનીયા કોઠારીએ આવવાનું શરૂ કર્યુ. ડોકટરો અને કોર્નીયાના દર્દીઓની જરૂરિયાત જોતાં કોર્નીયા ફેલોશીપ શરૂ કરી. ઓકયુલોપ્લાસ્ટીમાં વિઝીટીગ કન્સલ્ટન્ટ ડો. બકુલભાઈ ત્રિવેદી તથા હવે ડો. સૌરીન ગાંધી અને બેઝ હોસ્પિટલ પર હાલમાં ડો. પાર્થ જોષી આ દર્દીઓની સારવાર સંભાળે છે. બાળકોની આંખના ડોકટર નિતીનભાઈ જૈન નિયમિત રીતે મહિનામાં ૧ વાર આવીને આ કામગીરી સંભાળતા હતા. હવે ડો. ચિંતનભાઈ મહેતા ફુલટાઈમ પીડીયાટ્રીક ઓપ્થેલ્મોલોજીસ્ટ તરીકે જોડાતાં બાળકોની આંખની સારવારનું કામ પણ ખૂબ વધી રહયું છે. આ ઉપરાંત ન્યુરોઓપ્થેલ્મોલોજીસ્ટ ડો. તનુજાબહેન નિયમિત રીતે મહિનામાં ૨ વાર આવીને આ દર્દીઓની સારવારનું કામ સંભાળે છે.

આંખના લગભગ બધા જ પ્રકારના રોગોના નિષ્ણાંત ડોકટરોની નિયમિત સેવાઓ, આ રોગોની સારવાર માટેના આધુનિક સાધનો, પેરામેડીકલ વર્કર્સની ઉપલબ્ધતા અને દર્દીઓનો વિશ્વાસ.

આ દરેકનું સુચક્ર એવી રીતે ફર્યુ કે આંખની સારવારના ક્ષેત્રે પાંચ વર્ષમાં "તેજસ આઈ હોસ્પિટલ" દક્ષિણ ગુજરાતમાં લોકોના ભરોસાનું કેન્દ્ર બની ગઈ.

આ ઉપરાંત ડોકટરોની તાલીમ, ફેલોશીપ અને આંખના જુદા જુદા રોગો પર રીસર્ચ તથા પેરામેડીકલ વર્કર્સ–વિઝન ટેક્નીશ્યન, ઓપ્થેલ્મીક નર્સ, ઓટીબોય અને ચશ્મા ફીટીગની તાલીમની પ્રવૃત્તિ પણ સફળતાપૂર્વક થઈ રહી છે.

ફકત આંખની સારવાર જ નહી, પણ જેમને હવે આંખની સારવારથી દ્રષ્ટિ આપી ન શકાય તેવા લોકો–"અંધજન" તેમના પુનર્વસનની કામગીરી પણ માંડવી તાલુકામાં એપ્રિલ ૨૦૧૨થી ડીસે.૨૦૧૪ સુધીમાં પુરી કરી અને જાન્યુ. ૧૫થી માંગરોળ–ઉમરપાડા તાલુકામાં શરૂ કરી. આ બે તાલુકાની કામગીરી માટે નવો વિચાર (ઈનોવેટીવ આઈડિયા) ઘરે ઘરે ફરીને અંધત્વ ઉપરાંત ઝામર, ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરની તપાસ કરવાનો–ને આંતરરાષ્ટ્રીય કક્ષાનો ઝોવા એવોર્ડ પણ મળ્યો.

અંધ બાળકો– જેઓ અંતરિયાળ વિસ્તારના છે, તેમને માટે માંડવી ગામમાં જ હોસ્ટેલની સુવિધા ઉભી કરી. તેઓ હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરે અને આત્મવિશ્વાસ કેળવે જેથી ભવિષ્યમાં લાચાર–નિરાધાર અંધ ન બનતાં પગભર નાગરિક તરીકે ગૌરવશાળી જીવન જીવે.

હોસ્પિટલ સંચાલન ઉપરાંત પર્યાવરણ સુરક્ષા અંગે કટિબધ્ય સંસ્થા તરીકે પણ સતત જાગ્રત રહીને પ્રયત્નો કર્યા છે તેના ભાગરૂપે નવા મકાનમાં પર્યાવરણ સુરક્ષાના જે કંઈ પ્રયત્નો કર્યા– જેમાં વરસાદી પાણીનો સંગ્રહ, વાપરેલા પાણીનું શુધ્ધિકરણ કરી વાપરવું, કુદરતી સામગ્રી લાકડું, લોખંડ, કોટાસ્ટોન વિગેરેનો બાંધકામમાં ઉપયોગ, સૂર્યશકિતનો મહત્તમ ઉપયોગ વિગેરેનો સમાવેશ થાય છે. તેને કારણે ટ્રસ્ટને IGBC – ઈન્ડિયન ગ્રીન બિલ્ડીગ કાઉન્સીલનો 'પ્લેટીનમ' કેટેગરીનો એવોર્ડ પ્રાપ્ત થયો.

આ બધું કરી શકયા તે માટે ચાર શબ્દો વાપરવા હોય તો એમ કહી શકાય કે "અઢળક ઢળિયો રે શામળિયો " – અમી છાંટણાથી કાર્યક્રમની શરૂઆતમાં આશીર્વાદ આપનાર પરમકૃપાળુ પરમાત્માએ પાંચ વર્ષમાં અનરાધાર કૃપા વરસાવી છે જેનાથી આ બધું શકય થયું છે જેની સાબિતી નીચેના આંકડાઓથી મળી શકશે.

(૧) કુલ દર્દી તપાસ: ૨,૬૭,૨૭૪ કુલકેમ્પ: ૬૧૪

(૨) <u>ઓપરેશનો :</u> કુલ: ૩૫૨૮૪

| | | |
|---|---|---|
| મોતિયો: ૨૨૦૨૦ | ત્રાંસી આંખ: ૮૮ | ઝામર: ૧૩૧ |
| નાસૂર: ૩૦૮ | પડદાના: ૪૩૯૬ | વેલ: ૯૨૯ |
| કીકી બદલવાના: ૪૧૨ | અન્ય: ૨૦૩૯ | નાના બાળકોના: ૪૨૮ |
| એવાસ્ટીન ઈંજેકશન: ૧૮૩૨ | મોતિયા પછી થતી છારી કાપવાની: ૨૭૦૧ | |

શુભેચ્છક શ્રી,

આપની સમક્ષ છઠ્ઠો વાર્ષિક રીપોર્ટ રજૂ કરતા આનંદ અનુભવીએ છીએ.

મે ૨૦૧૧થી મે'૧૬ ના પાંચ વર્ષની યાત્રા વિશે વાત કરીએ,તો શરૂઆતમાં ૪૦ પથારીની આંખની હોસ્પીટલમાંથી હવે ૧૦૦ પથારીની સુવિધા ધરાવતી હોસ્પીટલ બની છે. આંખની લગભગ બધા જ પ્રકારની સારવાર માટે અતિ આધુનિક સાધનો, તજજ્ઞ ડોકટરો, તાલીમ પામેલ કાર્યકરો અને સાચી સલાહ–સારવારને કારણે આંખની હોસ્પીટલ તરીકે તેજસ આંખની હોસ્પીટલને ઘણી પ્રતિષ્ઠા મળી છે.

જૂન ૨૦૧૫માં હોસ્પીટલની પાછળ બાંધેલા નવા મકાનનું લોકાર્પણ કર્યુ અને ત્યાં આઈ બેંક, એડમીનીસ્ટ્રેટીવ ઓફિસ, રસોડું, લાઈબ્રેરી, ડોરમેટરી, ગેસ્ટહાઉસ, કોન્ફરન્સ રૂમ વિગેરે ખસેડીને હોસ્પીટલમાં દર્દી માટે વધારે જગ્યા ફાળવી શકાઈ. આ ઉપરાંત નવા મકાનમાં ૧૯ સ્ટાફ કવાટર્સ પણ ફાળવી શકાયા. વર્ષ ૧૫–૧૬ (એપ્રિલ ૧૫ થી માર્ચ ૧૬) દરમિયાન ૧૦૪૪૬ સર્જરી થઈ.

આંખની સારવારની સાથે જ પર્યાવરણ સુરક્ષાના પગલા પણ ખૂબ આયોજનપૂર્વક લેવાયા અને નવા મકાનને IGBCનો પ્લેટીનમ એવોર્ડ મળ્યો. આવો એવોર્ડ મેળવનાર મકાન (બિલ્ડીગ) સુરત જીલ્લામાં પ્રથમ અને આંખની હોસ્પીટલની કેટેગરીમાં ગણીએ તો દેશનું પ્રથમ મકાન હોવાનું ગૌરવ ટ્રસ્ટને મળ્યું.

હોસ્પીટલ ઉપરાંત ટ્રેનીંગ સેન્ટર તરીકે પણ ખૂબ સરસ કામગીરી થઈ રહી છે. જેમાં પેરામેડીકલ વર્કર ઉપરાંત ડોકટર્સ તાલીમનો પણ સમાવેશ થાય છે. ગત વર્ષે વીઝન ટેકનીશ્યનની તાલીમ પામેલ ચારેય વિદ્યાર્થીને નોકરી મળી ગઈ છે. આંખની બધા પ્રકારની સારવાર કરી શકાતી હોવાથી રીસર્ચ માટેના વિષય પણ મળી શકે છે. રીસર્ચ (સંશોધન)ની કામગીરી પણ થઈ રહી છે,સાથે જ અંધજન પુનર્વસન કાર્યક્રમ અને ૧૦ વર્ષથી નાના અંધ બાળકો માટે હોસ્ટેલની પ્રવૃત્તિ પણ ટ્રસ્ટ સંભાળે છે.

આ બધી જ કામગીરી મહદ્અંશે ડોનેશન પર આધારિત છે, જે આપના જેવા ઉદાર સહૃદયી શુભેચ્છકો દ્વારા સતત મળતું રહે છે અને આ પ્રવૃત્તિ વણથંભી ચાલ્યા કરે છે.આ તબકકે તમામ દાતાશ્રીઓનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ અને ભવિષ્યમાં પણ આ અતિઉમદા માનવ સેવાની પ્રવૃત્તિ માટે દાનરૂપી યોગદાન આપના તરફથી મળતું જ રહેશે એવી આશા રાખીએ છીએ.

ગત વર્ષે ટ્રસ્ટના એક શુભેચ્છક દંપતી દ્વારા તેમની માંડવીથી ૪ કિમી દૂર ગામની સીમમાં આવેલી જમીન દાનમાં મળી છે. જેને આગામી પાંચ વર્ષમાં ડેવલપ કરીને હજુ વધુ સુવિધા આપીશું. તે માટે પણ આપનો સહયોગ મળતો રહેશે એવી અપેક્ષા છે.

| | | |
|---|---|---|
| ભરતભાઈ શાહ | નલીનભાઈ શાહ | ડો.ઉદય ગજીવાળા |
| પ્રમુખ | મંત્રી | ઉપપ્રમુખ |

તા. ૩૦-૯-૨૦૧૬ માંડવી

## વિતેલા વર્ષ પર નજર

આ વર્ષમાં સૌથી અગત્યની ઘટના હોસ્પીટલની પાછળ બાંધેલા મકાનના લોકાર્પણની બની. મુખ્યદાતા જવેલેક્ષ ઈન્ડિયા પ્રા.લી ના શ્રી પિયુષભાઈ કોઠારીના સૂચન મુજબ "શ્રીમતી ચંદ્રાબહેન પિયુષભાઈ કોઠારી નેત્રજયોતિ તાલીમ કેન્દ્ર" નું લોકાર્પણ ૭ મી જૂને કર્યુ. આ પ્રસંગે મુખ્યદાતાઓ, સરકારી અધિકારીઓ તથા શુભેચ્છકો મોટી સંખ્યામાં હાજર રહયા. લોકાર્પણ પ્રસંગે રાજકોટ રામકૃષ્ણ મિશનના મુખ્ય સ્વામી શ્રી સર્વસ્થાનંદજી ખાસ હાજર રહયા અને તેમના શુભ હસ્તે મકાનનું લોકાર્પણ થયું.

મકાનમાં નાના નાના કામ બાકી હોવાથી તે પૂર્ણ કરાવ્યા અને "શાંતિઓમ" કરાવ્યા પછી સ્ટાફ કવાર્ટર્સનું એલોટમેન્ટ ૧લી જુલાઈથી કર્યુ. ૧૯ સ્ટાફ કવાર્ટર્સ આપી શકાયા.

મકાનના ડીઝાઈનીગ–પ્લાનીગ લેવલે જ 'ગ્રીન બિલ્ડીગ'નો વિચાર મનમાં હોવાથી આખું મકાન પર્યાવરણ સુરક્ષાને ઘ્યાનમાં લઈને બનાવ્યું. ૨ લાખ લીટર વરસાદી પાણી સંગ્રહી શકે તેવી ભૂગર્ભ ટાંકી બનાવી. બાથરૂમ રસોડામાં વપરાયેલા પાણીને ફરીથી ફલશમાં વાપરી શકાય તે માટેની વ્યવસ્થા કરી. ટાઈલ્સ કે પ્લાસ્ટીકનો ઉપયોગ કર્યા વગર મકાનમાં કોટાસ્ટોન, કાચ,જૂનુ ઈમારતી લાકડુ ફરી વાપરીને ગ્રીન બિલ્ડીગ બનાવ્યું. દરેક કવાર્ટરમાં નહાવાનું ગરમ પાણી મળે તે માટે સોલાર વોટર હીટર મૂક્યા. રસોડા અને ટોઈલેટના કચરામાંથી બાયોગેસ બનાવવાનો પ્લાન્ટ મૂકયો. આમ દરેક શકય રીતે પર્યાવરણલક્ષી અભિગમથી મકાન બાંધ્યું હોવાથી ટ્રસ્ટની નોંધણી (રજીસ્ટ્રેશન) ઈન્ડિયન ગ્રીન બિલ્ડીગ કાઉન્સીલ (IGBC)માં કરાવી. આઈજીબીસીના અધિકારીઓ ઈન્સ્પેકશન માટે જૂનમાં આવ્યા હતા અને તેમના ધારાધોરણ મુજબ કામગીરી થઈ હોવાથી સંસ્થાને IGBCનો 'પ્લેટીનમ' એવોર્ડ મળ્યો. આવો એવોર્ડ મેળવનાર મકાન (બિલ્ડીગ) સુરત જીલ્લામાં પ્રથમ અને આંખની હોસ્પીટલની કેટેગરીમાં ગણીએ તો દેશનું પ્રથમ મકાન હોવાનું ગૌરવ ટ્રસ્ટને મળ્યું. IGBC મુજબ કામ કરવા કાર્બન અર્થના કન્સલટન્ટ શ્રી અમીતસિંહ વાઘેલાનો મહત્ત્વનો ફાળો મળ્યો.

૨૨મે એ હોસ્પીટલની કામગીરીને ૪ વર્ષ પુરા થતા હોઈ જુદા જુદા કાર્યક્રમ કર્યા. જેમાં ૧૭ મે એ માંડવી–ઉમરપાડા અને માંગરોળ તાલુકાઓના ડાયાબિટીક પેશન્ટના સ્નેહમિલનનો કાર્યક્રમ રાખ્યો, ૪૨ દર્દીઓ હાજર રહયા. આ દર્દીઓને માંડવીના ફિઝીશ્યન ડો.મનીષભાઈ કાંગરેચાએ ડાયાબિટીસની સમજ આપી અને ડો. રોહનભાઈ અને શ્રી મનીષ જાગાણીએ ડાયાબિટીક રેટીનોપથી વિશે સમજ આપી.

૨૨મે એ ગણેશપૂજા કરાવી. ૨૪મીને રવિવારે સવારે કેમ્પના શુભેચ્છકોનું સ્નેહમિલન તેમજ કીકી બદલેલા દર્દીઓનું સ્નેહમિલન રાખ્યું, જેમાં સુરતની લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડો. પ્રફુલ્લભાઈ શિરોયા તથા ડીસ્ટ્રીકટ બ્લાઈન્ડનેસ કંટ્રોલ સોસાયટી સુરતના ચીફ ઓપ્થેલ્મોલોજીસ્ટ ડો. ઋષિકુમાર માથુર હાજર રહયા. ૨૪મીએ સાંજે સ્ટાફનું પરિવાર સાથે સ્નેહમિલન અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કર્યુ.

આ વર્ષે તાલીમ પ્રવૃત્તિના ભાગરૂપે વિઝન ટેકનીશ્યન–૧ વર્ષનો કોર્ષ અને ઓપ્થેલ્મીક નર્સીગ આસીસ્ટંટનો ૧ વર્ષનો કોર્ષ માટે ૧ ઓગષ્ટથી તાલીમ શરૂ કરી. વિઝન ટેકનીશ્યન કોર્ષ માટે ૬ અને નર્સીગ માટે ૪ વિદ્યાર્થી– વિદ્યાર્થીની જોડાયા. વિઝન ટેકનીશ્યન તરીકે ૪ વિદ્યાર્થીઓએ તાલીમ પૂરી કરી. નર્સીગ તાલીમમાં વિદ્યાર્થીનીઓની જાણ કર્યા વગર રજા પાડવાની ગેરશિસ્ત તેમજ ૧ વિદ્યાર્થીનીના પારિવારિક સંજોગોને કારણે ૧ પણ વિદ્યાર્થીની તાલીમ પૂરી ન કરી શકી. વિઝન ટેકનીશ્યન ચારેય વિદ્યાથીઓને તાલીમ પૂરી થતાં અગાઉ નોકરી મળી ચૂકી છે.

સંસ્થાની કામગીરીની શરૂઆતથી જ સંસ્થાને મદદરૂપ થતા શુભેચ્છક–દાતા એવા શ્રી વિજયભાઈ દાલીયા અને તેમના પત્ની શ્રીમતી નિપુણાબહેન દાલીયાએ તેમની માંડવી તાલુકાના અમલસાડી ગામમાં આવેલી જમીન હોસ્પીટલના કામ માટે દાનમાં આપવાનું નકકી કર્યુ અને તેની વિધિવત જાહેરાત ૧૬ ઓગષ્ટે તીથલ જી.વલસાડ ખાતે તેમના ગુરૂપ.પૂ.શ્રી જિનચંદ્રવિજયજી મહારાજના શુભવચનોથી કરાવી.

દિવ્યજયોતિ ટ્રસ્ટને આઈ બેંકની પરવાનગી મળેલી હોવાથી નવા બંધાયેલા તાલીમ કેન્દ્રના મકાનમાં આઈ

બેંકની સુવિધા ઉભી કરી અને લોકદ્રષ્ટિ ચક્ષુબેંક સાથે સંકલન કરીને તેમને દાનમાં મળેલી આંખો આપણે મેળવીને કીકી બદલવાના ઓપરેશન સહેલાઈથી કરી શકીએ છીએ. આઈ બેંકનું વિધિવત ઉદ્ઘાટન ૨૮ ઓગષ્ટે કર્યુ જેમાં આઈ ડોનેશન કરેલા પરિવારનું સન્માન કરવાનું આયોજન કર્યુ. તેમજ આઈ ડોનેશન કરનાર પરિવારને એક કાર્ડ આપ્યું જેના દ્વારા તેઓની આંખ તપાસ તેજસ આઈ હોસ્પીટલમાં મફત થઈ શકે તેવી સુવિધા આપી.

નેત્રંગ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સરકારશ્રીએ નવું ઓપરેશન થીયેટર બાંધ્યું. આ ઓપરેશન થીયેટરનું ૧૧/૯ ના રોજ લોકાર્પણ માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના હસ્તે કરવામાં આવ્યું.

કાકરાપાર અણુમથક દ્વારા ગ્લુકોમા કલીનીક માટે સાધનોની ગ્રાંટ મંજૂર કરવામાં આવી, તેથી આ સાધનો ખરીદ્યા. આ સાધનો આવવાથી હોસ્પીટલમાં કુલ સાધનો છે, તે જોતા રાજયની અગ્રક્રમ ધરાવતી આંખની હોસ્પીટલમાં તેજસ આઈ હોસ્પીટલનો સમાવેશ થાય છે.

લાયન્સ કલબ ઈન્ટરનેશનલ દ્વારા 'ડાયાબિટીક રેટીનોપથી પ્રોજેકટ'ના વધુ સારા અમલીકરણ માટેની ગ્રાંટ મંજૂર થતાં માઈક્રોસ્કોપ પણ ખરીદ્યો છે. નવીન ફલોરીન પ્રા.લી. ના " અરવિંદ મફતલાલ ફાઉન્ડેશન " દ્વારા બે વિઝન સેન્ટર માટેના સાધનોની ગ્રાંટ મળી, તેથી ઉમરપાડા અને ડેડીયાપાડા ખાતે વિઝન સેન્ટર શરૂ કરવા માટે જરૂરી સાધનો ખરીદ્યા.

આ વર્ષે સાઈટસેવર્સ ઈન્ટરનેશનલ દ્વારા મધ્યપ્રદેશના ઝાબુઆ વિસ્તારમાં રેપીડ એસેસમેન્ટ ઓફ એવોઈડેબલ બ્લાઈન્ડનેસ (RAAB) નો સર્વે કરવા અંગે વિનંતી કરાતાં દિવ્યજયોતિ ટ્રસ્ટની ટીમને (ડોકટર, પેરામેડીકલ વર્કર્સ, ડેટા ઓપરેટર તથા ડ્રાઈવર) ઝાબુઆ ખાતે સર્વે માટે મોકલવામાં આવી. સર્વે કરતા પહેલા ટીમના પસંદ કરેલ સભ્યોને તેની તાલીમ લખનઉ (ઉ.પ્ર.) ખાતે આપવામાં આવી અને આ કામગીરી સફળ રીતે પુરી કરી. સર્વે દરમિયાન સ્ટાફના સભ્યોને દેશની અંતરિયાળ વિસ્તારમાં રહેતી વસ્તીની સાચી પરિસ્થિતીનો ખ્યાલ આવ્યો.

ઝાબુઆના સર્વે બાદ ડો. સ્વપ્નીલ પચ્ચીગર મહારાષ્ટ્રના વર્ધા જીલ્લામાં તેમજ ગુજરાતના ખેડા જીલ્લામાં રાષ્ટ્રીય કક્ષાના સર્વે માટે એઈમ્સ (દિલ્હી)ની ટીમ સાથે ગયા અને અંધત્વના સર્વેની કામગીરીમાં ભાગ લીધો.

દિવ્યજયોતિ ટ્રસ્ટના ૪ વર્ષ દરમિયાન થયેલી કાર્યવાહી અંગે અભ્યાસ કરવા માટે આઈ.આઈ.એમ અમદાવાદથી પ્રોફેસર રવિચંદ્રનને ખાસ આમંત્રણ આપીને બોલાવ્યા હોવાથી તેઓ માંડવી આવ્યા હતા અને કોર ગૃપના સભ્યો સાથે ચર્ચા કરી અને ટ્રસ્ટની કામગીરી સમજયા. હવે તેઓ આ અંગેનો એક રીપોર્ટ તૈયાર કરશે જે મેનેજમેન્ટના વિદ્યાર્થીઓના અભ્યાસ માટે ઉપયોગી નિવડશે.

હોસ્પીટલમાં આવતા દર્દી અને સગાની ચંપલ વ્યવસ્થિત મૂકાય તે માટે મુખ્ય દરવાજા પાસે ચંપલો મૂકવાના સ્ટેન્ડ બનાવડાવીને ટોકન સીસ્ટમથી ચંપલો મૂકવાની વ્યવસ્થા કરી અને તે માટે ખાસ સ્ટાફની નિમણૂંક કરી. આને કારણે પ્રવેશદ્વાર પર ચંપલોનો ખડકલો દેખાતો હતો તે વ્યવસ્થિત ગોઠવાતા હોસ્પીટલમાં પ્રવેશતા જ વ્યવસ્થાની છાપ ઉભી થાય છે.

## પરિવારની ખુશહાલી

૪૨ વર્ષના રંજનબેન સુરેશભાઈ રાઠોડ ગામ ખોલેશ્વર તા.કામરેજ જી. સુરતના વતની છે. તેઓ શામપુરા કેમ્પમાં બતાવવા આવ્યા ત્યારે તેમની બન્ને આંખમાં મોતિયાનું નિદાન થયું. તેથી હોસ્પીટલની બસમાં બેસાડીને તેમને માંડવી લઈ આવ્યા. તેમને મોતિયા વિશે કોઈ જાણકારી નહોતી અને ઓપરેશનથી ગભરાતા હતા. આથી તેમને સમજાવવામાં આવ્યું. ખૂબ સમજાવટને અંતે તેઓ ઓપરેશન કરાવવા તૈયાર થયા.

રંજનબેનની બન્ને આંખોનું વારાફરતી મોતિયાનું ઓપરેશન થયા બાદ બન્ને આંખે સરસ દેખાતું થયું. છેલ્લા પાંચ મહિનાથી તેમને બિલકુલ દેખાતું ન હોવાથી ખૂબ જ લાચારી અનુભવતા હતા. અને ઘરના સભ્યોએ તેમની કાળજી રાખવી પડતી હતી. પરંતુ હવે બન્ને આંખે દેખાતું થયું હોવાથી તેઓ ઘરના કામમાં ઘણી મદદ કરી શકે છે. જેને કારણે કુટુંબની આર્થિક સ્થિતિમાં પણ સુધારો થયો છે. આમ એક ગૃહિણીને દેખાતું થતા આખા પરિવારને તેની ખુશહાલી પાછી મળી જાય છે.

# હોસ્પિટલ

માંડવીની આજુબાજુના અંતરિયાળ ૧૦૦ કિ.મી. સુધીના વિસ્તારમાં આંખની હોસ્પિટલની સુવિધા ન હોવાથી તેમજ છેલ્લા પાંચ વર્ષથી આંખની હોસ્પિટલે મેળવેલી નામનાથી, દર્દીઓ આંખની સારવાર માટે તેજસ આઈ હોસ્પિટલમાં મળતી ગુણવત્તાસભર સેવાઓનો લાભ બહોળા પ્રમાણમાં લઈ રહયા છે. આ વર્ષે ડિસેમ્બર ૧૫માં ૧૦૦૦થી વધુ સર્જરી એક જ મહિનામાં થઈ. ત્યારબાદ જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં પણ એ ક્રમ ચાલુ રહયો. ૭ જૂન ૨૦૧૫એ નવા મકાનનું લોકાર્પણ કર્યા બાદ રસોડું– લાઈબ્રેરી તેમજ વહીવટી ઓફિસ ખસેડયા અને ત્યાં જૂના કીચન તેમજ લાઈબ્રેરીમાં વધુ બેડ ગોઠવીને ૧૦૦ બેડ (પથારી)ની સુવિધા કરી હોવાથી જાન્યુઆરીમાં મહત્તમ ૧૦૦ થી વધુ દાખલ દર્દીઓ હતા. ૨૫મી જાન્યુઆરીએ મહત્તમ ૬૯ દર્દીના ઓપરેશનો થયા. આ વર્ષાંતે ૧૦૪૪૬ ઓપરેશનો થયા.

આ વર્ષથી માંડવીની નજીકના વિસ્તારમાંથી આવતા સ્થિતીપાત્ર દર્દીઓ માટે 'ડે–કેર' વોર્ડની સુવિધા ઉભી કરી. જેમાં દર્દી અને સગા માટે સોફા, ચેર, ટીવી , એરકન્ડીશનર અને ચા–નાસ્તો આપવાની સુવિધા આપવાનું શરૂ કર્યુ. ડે–કેર વોર્ડમાં દાખલ દર્દી સવારે ઓપરેશન કરાવીને સાંજે જઈ શકે તે માટે આ વ્યવસ્થા વિચારી છે. દર્દીઓને વધુ સુવિધા આપવાના વિચારના ભાગરૂપે રસોડા માટે ફુડ હીટર ખરીદ્યા છે. જેથી જમવાનું ગરમ રહી શકે.

હોસ્પિટલમાં અગ્નિશામક સાધનો રાખ્યા છે. વર્ષ દરમિયાન અકસ્માતે આગની ઘટનામાં કાકરાપારથી આવેલા દર્દીના સગાની સમયસૂચકતાથી મોટી દુર્ઘટના નિવારી શકાઈ. હોસ્પિટલમાં દાખલ ડાયાબિટીશના દર્દીનું સુગર લેવલ ઘટી જવાથી દર્દીને કાર્ડીયાક એરેસ્ટ થતાં નર્સબહેને CPR ની ટ્રેનીગનો ઉપયોગ કરી દર્દીને બચાવી લીધું. આમ સતત તાલીમ આપવાનો જે પ્રયત્ન કરવામાં આવે છે, તેના સારા પરિણામ મળે છે.

મુંબઈના દાતાશ્રી જશવંતભાઈ મહેતાના ફેમીલી ટ્રસ્ટ દ્વારા ફાળવેલ ફંડથી ઓકયુલર પ્રોસ્થેસીસના સાધનો ખરીદ્યા છે. આ સાધનો દ્વારા આંખ ગુમાવી ચુકેલા દર્દીને કૃત્રિમ –આંખ તેની આંખની સંરચના મુજબ બનાવીને આપી શકાય છે. જેમાં રંગ, આકાર તથા સંરચનાનો ખ્યાલ રાખવામાં આવે છે. અત્યાર સુધીમાં ૧ જ આંખ બનાવી શકાઈ છે. જો કે તે પણ દર્દીને અનુકૂળ આવી નથી. આ કામગીરી માટે ઓપ્થેલ્મીક આસીસ્ટંટ (અલ્પેશ મિસ્ત્રી)ને ઓકયુલર પ્રોસ્થેસીસની તાલીમ અપાવી.

નેત્રનિદાન કેમ્પમાં આવીને ઓપરેશન કરાવી ગયેલા દર્દીઓમાં વર્તમાન પરિસ્થિતી કેવી છે એટલે કે તેઓનું વિઝન બરાબર છે કે કેમ , ચશ્માની જરૂર કેટલી છે, તેઓ ચશ્મા વાપરે છે કે કેમ વિગેરે બાબતો જાણવા ફીલ્ડ વર્ક કરવામાં આવ્યું અને તેના આધારે ડેટા એકત્રિત કર્યા.

વર્ષ દરમિયાન હોસ્પિટલમાં નીચે મુજબ નવા સાધનો ખરીદ્યા.

૧. એ–સ્કેન
૨. ફંડસ કેમેરા વીથ ઓટો રીફ્રેકટર
૩. આઈ કેર ટોનોમીટર
૪. ઓએમએસ ૭૧૦
૫. હેન્ડ હેલ્ડ કેરેટોમીટર,
૬. એચ આર ટી મશીન,
૭. અલ્ટ્રાસાઉન્ડ બાયોમાઈક્રોસ્કોપ,
૮. સ્લીટ લેમ્પ

# સિસ્ટેમીક રિપોર્ટ ૨૦૧૫–૧૬

| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પુરૂષ | ૬૪ | ૨૫ | ૩ | ૧૧૫ | ૧ | ૧ | ૦ | ૧૧૨ | ૨૮૨ | ૮૦ | ૨ | ૬ | ૧ | ૬ | ૬૯૯ |
| સ્ત્રી | ૫૧ | ૧૯ | ૨ | ૮૬ | ૧ | ૧ | ૧ | ૯૦ | ૩૬૩ | ૭૬ | ૦ | ૦ | ૨ | ૧૨ | ૭૦૩ |
| છોકરાઓ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| છોકરીઓ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલ | ૧૧૫ | ૪૪ | ૫ | ૨૦૧ | ૨ | ૨ | ૧ | ૨૦૨ | ૬૪૫ | ૧૫૬ | ૨ | ૬ | ૩ | ૧૮ | ૧૪૦૨ |

૧– અસ્થમાટીક

૨– અસ્થમાટીક, હાઈપરટેન્સીવ

૩– કાર્ડીયાક

૪–ડાયાબિટીક

૫–ડાયાબિટીક, અસ્થમા

૬–ડાયાબિટીક, અસ્થમા, હાઈપરટેન્સીવ

૭–ડાયાબિટીક, કાર્ડીયાક, હાઈપરટેન્સીવ

૮–ડાયાબિટીક ,હાઈપરટેન્સીવ

૯– હાઈપરટેન્સીવ

૧૦– એક આંખ

૧૧– એક આંખ અસ્થમા

૧૨– એક આંખ ડાયાબિટીક

૧૩– એક આંખ ડાયાબિટીક, હાઈપરટેન્સીવ

૧૪– એક આંખ હાઈપરટેન્સીવ

| | ૧૭ થી ઓછું | ૧૮ થી ૪૦ | ૪૧ થી ૫૦ | ૫૧ થી ૬૦ | ૬૧ થી ૭૦ | ૭૧ થી વધુ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| અસ્થમાટીક | ૧ | ૩ | ૯ | ૨૪ | ૫૨ | ૨૬ |
| અસ્થમાટીક હાઈપરટેન્સીવ | ૦ | ૦ | ૪ | ૧૩ | ૧૬ | ૧૧ |
| કાર્ડીયાક | ૦ | ૧ | ૧ | ૨ | ૧ | ૦ |
| ડાયાબિટીક | ૧ | ૩ | ૩૨ | ૫૭ | ૭૬ | ૩૨ |
| ડાયાબિટીક અસ્થમા | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| ડાયાબિટીક અસ્થમા હાઈપરટેન્સીવ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| ડાયાબિટીક અસ્થમા કાર્ડીયાક | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ડાયાબિટીક હાઈપરટેન્સીવ | ૦ | ૪ | ૧૯ | ૫૨ | ૮૮ | ૩૯ |
| હાઈપરટેન્સીવ | ૦ | ૧૧ | ૫૧ | ૧૬૨ | ૨૪૫ | ૧૭૬ |
| એક આંખ | ૦ | ૫ | ૨૨ | ૨૧ | ૭૫ | ૩૩ |
| એક આંખ અસ્થમા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ |
| એક આંખ ડાયાબિટીક | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૨ |
| એક આંખ અસ્થમા હાઈપરટેન્સીવ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ |
| એક આંખ હાઈપરટેન્સીવ | ૦ | ૦ | ૦ | ૪ | ૮ | ૬ |

## નફરત દૂર થઈ

નેત્રંગ તાલુકાના કામળીયા ગામના રહેવાસી અર્જુનભાઈ ઘેલ્યાભાઈ વસાવાને (ઉ.૫૦ વર્ષ) નાનપણમાં ડાબી આંખમાં વાગવાથી દેખાતું બંધ થઈ ગયું હતું. ત્યારબાદ ત્રણેક માસ અગાઉ અન્ય સ્થળે જમણી આંખનું મોતિયાનું ઓપરેશન કરાવ્યું હતું. ૧ મહિના સુધી બરાબર દેખાયા બાદ ધીમે ધીમે ઝાંખું દેખાતું થયા બાદ તદ્દન બંધ થઈ ગયું. આથી તેઓ નેત્રંગ સરકારી દવાખાનામાં બતાવવા ગયા, ત્યાંથી તેમને માંડવી આંખની હોસ્પિટલ પર રીફર કર્યા.


અર્જુનભાઈને બન્ને આંખે દેખાતું ન હોવાથી તેમના મિત્ર તેમને આંખની હોસ્પિટલમાં દોરી લાવ્યા. અહી તેમને પડદામાં તકલીફ છે અને પડદાનું ઓપરેશન (રેટીનલ ડીટેચમેન્ટ) કરવું પડશે એમ જણાવ્યું. પહેલા તો અર્જુનભાઈ ઓપરેશનના નામથી ડરી ગયા, પણ પછી લાંબી સમજાવટને અંતે ઓપરેશન કરાવવા સંમત થયા. ઓપરેશન પછી દેખાતું થતાં અર્જુનભાઈની આંખો હરખના આંસુથી છલકાઈ ઉઠી. બે મહિના પછી તેમણે પત્નીનું અને પુત્રનું મોઢુ જોયું. તેઓ ખૂબ ખુશ હતા.


અર્જુનભાઈને દેખાતું નહોતું ત્યારે તેમના પત્ની મજૂરીએ જતા અને પુત્ર તેમની સંભાળ રાખવા ઘરે રહેતો હતો. પણ હવે અર્જુનભાઈને ૧ મીટર જેટલું દેખાતું થતા પોતાનું કામ જાતે કરી શકે છે, તેથી પત્નીને અને પુત્રને ઘણી રાહત છે.

જમણી આંખમાં ઓપરેશન પછી થોડા જ સમયમાં દેખાતું બંધ થવાથી અર્જુનભાઈનો હોસ્પિટલો પરથી વિશ્વાસ ઉઠી ગયો હતો અને હોસ્પિટલના નામથી જ નફરત થઈ ગઈ હતી. પણ તેજસ આંખની હોસ્પિટલના સ્ટાફના વ્યવહારથી અને ફરીવાર દેખાતું થવાથી તેઓ ખૂબ ખુશ છે અને હોસ્પિટલ આગળ ને આગળ પ્રગતિ કરે એવી પ્રભુને પ્રાર્થના કરે છે.

## ટેબલ નં. ૧ – હોસ્પિટલ ઓપીડીની આંકડાકીય માહિતી

| વર્ષ | નવા | | જુના | | બાળકો નવા | | બાળકો જુના | | આદિવાસી | બિન આદિવાસી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | | | |
| ૨૦૧૩-૧૪ | ૧૭૬૮૪ | ૧૪૮૪૮ | ૮૭૬૪ | ૭૨૪૫ | ૧૬૪૨ | ૧૪૧૨ | ૬૨૩ | ૩૬૧ | ૩૩૮૮૩ | ૧૮૬૯૬ | ૫૨૫૭૯ |
| ૨૦૧૪-૧૫ | ૨૧૯૦૭ | ૧૯૧૪૪ | ૯૪૦૪ | ૭૪૫૩ | ૧૭૪૬ | ૧૪૮૬ | ૫૪૨ | ૩૯૬ | ૪૦૮૫૬ | ૨૧૨૨૨ | ૬૨૦૭૮ |
| ૨૦૧૫-૧૬ | ૨૬૯૮૯ | ૨૦૧૮૧ | ૧૧૨૬૫ | ૯૧૩૮ | ૧૯૭૫ | ૧૫૮૭ | ૮૩૮ | ૬૦૩ | ૪૯૯૬૮ | ૨૨૬૦૮ | ૭૨૫૭૬ |



## સ્પેશ્યાલીટી ક્લીનીક

હોસ્પિટલમાં આંખના જુદા જુદા રોગોના નિષ્ણાંત ડોકટરો જેમકે ઝામર, પડદાના રોગો, કીકીના રોગો, બાળકોની આંખના ડોકટર દરરોજ પૂર્ણ સમય માટે નિયમિત મળે છે. તેમજ ઓકયુલોપ્લાસ્ટીના નિષ્ણાંત તથા ન્યુરોઓપ્થેલ્મોલોજીસ્ટ મહિનામાં ૧ કે ૨ વાર નિયમિત મળતા હોવાથી સ્પેશ્યાલીટી ક્લીનીકમાં પણ ઓપીડી પેશન્ટની સંખ્યા ૧૦૦થી વધુ ઘણીવાર થાયછે, જે અહીના વિસ્તારની જરૂરિયાત સૂચવે છે.

સ્પેશ્યાલીટી ક્લીનીકની આંકડાકીય માહિતી ટેબલ નં. ૬ માં દર્શાવી છે તેની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

### ગ્લુકોમા ક્લીનીક

કામગીરીની શરૂઆતમાં મુંબઈથી ડો. મીનાબહેન દોશી આ દર્દીઓની સંભાળ લેતા હતા ત્યારથી જ એવું જણાયું હતું કે ગ્લુકોમાના દર્દીઓની સંખ્યા પણ નોંધપાત્ર છે. તેથી ડો. શીતલબહેને પૂના જઈને ગ્લુકોમા સર્જરીની તાલીમ મેળવી અને તેઓ નિયમિત ઝામરના દર્દીઓની સારવારનું કામ સંભાળે છે. આ ઉપરાંત માર્ચ ૨૦૧૬ થી ડો. કૈવનભાઈ શાહ ગ્લુકોમા કન્સલ્ટન્ટ તરીકે જોડાયા છે, તેથી ઝામરના દર્દીઓની સંભાળ લેવાનું કામ સરળ બન્યું છે.

ઝામરના દર્દીઓની તપાસ માટે ગ્લુકોમા કેમ્પનું આયોજન તા. ૨૯/૧૨/૧૫ ના રોજ કરવામાં આવ્યું. ૬ થી ૧૨ માર્ચ 'ગ્લુકોમા વીક' દરમિયાન ઝામરની મફત તપાસ અને ૫૦% ખર્ચે સારવાર કરવામાં આવી, તેમજ ટી.વી. ઈન્ટરવ્યુમાં ઝામર વિશે સમજ આપી તથા ગ્લુકોમાને લગતું પેમ્ફલેટ તૈયાર કર્યુ. દરરોજ રાત્રે ગામડાઓમાં આ વિશે આરોગ્ય શિક્ષણ આપવાનું કામ કર્યુ.

### કોર્નીયા ક્લીનીક

આ વિસ્તારમાં કીકીના રોગને કારણે આવતા અંધત્વનું પ્રમાણ ઘણું ઉંચુ છે તેથી કોર્નીયા ક્લીનીકની કામગીરી પણ ખૂબ મહત્વની બને છે.શરૂઆતમાં ડો. બીજલબેન મહેતા (મુંબઈ) અને ડો. પ્રકાશભાઈ નાયક આ કામગીરી સંભાળતા હતા. હવે ડો. રોહનભાઈ ઉપરાંત વિઝીટીંગ કન્સલ્ટન્ટ ડો. રોહનભાઈ ઠક્કર, ડો. સોનીયાબહેન કોઠારી અને ડો. પ્રતિકભાઈ ટોપીવાળા નિયમિત રીતે કોર્નીયા ક્લીનીકની કામગીરી સંભાળે છે. આ વર્ષે ૧ જુલાઈથી ડો. દર્શન કલાઈગર ૧ વર્ષ માટે કોર્નીયા ફેલો તરીકે જોડાયા. આ વર્ષે કોર્નીયલ ટ્રાન્સપ્લાન્ટ ૧૧૭ જેટલા થયા.

સ્પેશ્યલ ટાઈપ રોઝ કે ('Rose K') પ્રકારના કોન્ટેકટ લેન્સની કામગીરી શરૂ કરી.

કોર્નીયલ ટ્રાન્સપ્લાન્ટની સમજ આપતું પેમ્ફલેટ તૈયાર કર્યુ.ફેબ્રઆરીમાં કોર્નીયા સ્ક્રીનીગ કેમ્પનું આયોજન કર્યુ.

### ઓકયુલોપ્લાસ્ટી ક્લીનીક

ડો. બકુલભાઈ ત્રિવેદી અને ડો. સૌરીનભાઈ ગાંધી ઓકયુલોપ્લાસ્ટીના દર્દીઓની સારવારની કામગીરી નિયમિત રીતે મહિનામાં એક વાર આવીને સંભાળે છે. આ ઉપરાંત ડો. પાર્થ જોષી આ દર્દીઓની સંભાળ લે છે.

### બાળકોની આંખની સારવાર

શરૂઆતથી જ સુરતથી ડો. નિતીનભાઈ જૈન મહિનામાં એક વાર આવીને આ કામગીરી સંભાળે છે. ઓકટોબર ૧૫થી ડો. ચિંતન મહેતા ફુલ ટાઈમ પીડીયાટ્રીક કન્સલ્ટન્ટ તરીકે જોડાયા છે. તેથી બાળકોની આંખની સારવારનું કામ ઝડપથી વધી રહયું છે.

ત્રાંસી આંખ માટેનો કેમ્પ ૧૬/૧૦ ના રોજ તેમજ બાળકોની આંખ તપાસનો કેમ્પ ૨૪/૧૧ ના રોજ આયોજીત કર્યા.

આઠ માસના બાળકની મોતિયાની સર્જરી કરી અને બીજા એક બાળકની રેટીનોબ્લાસ્ટોમા (આંખના પડદાનું કેન્સર)ની સર્જરી કરી. આ વર્ષે ડાંગની શાળાઓમાં આંખ તપાસની કામગીરી પણ હાથ ધરવામાં આવી.

### ન્યુરોઓપ્થેલ્મોલોજી

છેલ્લા ત્રણેક વર્ષથી સુરતના ડો.તનુજાબહેન રાખે મહિનામાં બે વાર આવીને ન્યુરોઓપ્થેલ્મોલોજીના દર્દીઓની સારવારની કામગીરી સંભાળે છે.

## ઓકયુલર પ્રોસ્થેસીસ કલીનીક

કૃત્રિમ આંખ બનાવવા માટેના સાધનો તેમજ કૃત્રિમ આંખ બનાવવાની તાલીમનો ખર્ચ મુંબઈના શ્રી જશવંતભાઈ મહેતાએ સ્પોન્સર કર્યા પછી આ કામગીરી અહી શરૂ કરવામાં આવી. ૧ કૃત્રિમ આંખ બનાવી છે.

## લો વીઝન કલીનીક

આ કલીનીક માટેના સાધનો ઉપલબ્ધ છે અને લો વીઝનની કામગીરી ડો. રોહનભાઈ સંભાળે છે.

## રેટીના કલીનીક

મે ૨૦૧૧થી પડદાની સારવાર માટે ડો.અમીષભાઈ પટેલ તેમજ ડો. માધવીબેન શેઠ નિયમિત રીતે આવતા હતા. આ સારવાર ખૂબ જ મોંઘી હોવાથી અને સહેલાઈથી મળતી ન હોવાથી પડદાની સારવાર માટે ખૂબ દૂર દૂરથી પણ દર્દીઓ આવે છે. આ વર્ષે ડો.શિલ્પાબહેન જૂનમાં ટ્રેનીંગમાં ગયા હોવાથી સુરતથી ડો. ભાવિનભાઈ પટેલ, ડો.ખુશ્બુબેન ડોકટર, ડો.સાકેત સરાધીયા અને ડો.હેલી શાહે વારાફરતી આવીને આ કામગીરી સંભાળી.

અધુરામાસે જન્મેલા બાળકોમાં થતી પડદાની તકલીફ (ROP)ની તાલીમ મેળવ્યા બાદ ડો. શિલ્પાબહેને માંડવી ઉપરાંત ધરમપુર અને ખારેલ ખાતે મહિનામાં ૨ વાર જઈને આ કામગીરી શરૂ કરી. આ બાળકોની સારવારમાં લેસર પધ્ધતિનો તેમજ એવાસ્ટીન ઈન્જેકશનનો ઉપયોગ થાય છે.

હોસ્પીટલમાં પડદાના દર્દીઓની સંખ્યામાં ખૂબ વધારો જોવા મળે છે. તે જોતાં ડો. શિલ્પાબહેન ઉપરાંત માર્ચ–૧૬ થી બીજા ડોકટર ઈરાબેન જોડાયા છે.

ડાયાબિટીક રેટીનોપથી માટે ૨૯/૦૯/૧૫ ના રોજ માંડવી ખાતે નિદાન કેમ્પનું આયોજન કર્યુ.આ ઉપરાંત વર્ષ દરમિયાન હોસ્પીટલ, રેટીના કલીનીક, કેમ્પ તેમજ અંધજન પુનર્વસન કાર્યકર દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી જેની આંકડાકીય માહિતી નીચે મુજબના ટેબલોમાં દર્શાવી છે.

### ટેબલ નં ૨–ડાયાબિટિક રેટીનોપથી સ્ક્રીનીંગ રીપોર્ટ રેટીના કલીનીક વર્ષ ૨૦૧૫–૧૬

| મહિનો | ડાયાબિટિક દર્દીની તપાસ | ડાયાબિટિક રેટીનોપથી ગ્રેડ | સારવાર આપેલ દર્દી | | |
|---|---|---|---|---|---|
| | | | એવાસ્ટીન ઈંજેકશન | લેસર | વિટ્રેકટોમી |
| એપ્રિલ | ૧૩૧ | ૮૭ | ૧૭ | ૧૯ | ૦૩ |
| મે | ૧૪૦ | ૯૫ | ૩૩ | ૧૨ | ૦૫ |
| જૂન | ૬૨ | ૩૪ | ૧૫ | ૧૦ | ૦૦ |
| જુલાઈ | ૧૨૮ | ૬૯ | ૧૮ | ૨૪ | ૦૫ |
| ઓગષ્ટ | ૧૪૦ | ૭૨ | ૨૮ | ૨૭ | ૦૪ |
| સપ્ટેમ્બર | ૧૪૯ | ૭૮ | ૧૭ | ૨૪ | ૦૧ |
| ઓકટોબર | ૧૫૯ | ૧૦૫ | ૨૧ | ૨૬ | ૦૫ |
| નવેમ્બર | ૧૨૩ | ૮૩ | ૧૭ | ૧૫ | ૦૫ |
| ડિસેમ્બર | ૧૫૮ | ૧૦૩ | ૨૮ | ૩૧ | ૦૫ |
| જાન્યુઆરી | ૧૧૮ | ૮૫ | ૦૯ | ૧૩ | ૦૩ |
| ફેબ્રુઆરી | ૧૫૨ | ૯૯ | ૦૭ | ૨૨ | ૦૪ |
| માર્ચ | ૧૮૭ | ૧૧૦ | ૧૩ | ૩૫ | ૦૪ |
| કુલ | ૧૬૪૭ | ૧૦૨૦ | ૨૨૩ | ૨૫૮ | ૪૪ |

### ટેબલ નં ૩–ડાયાબિટિક રેટીનોપથી સ્ક્રીનીંગ રીપોર્ટ બેઝ હોસ્પિટલ વર્ષ ૨૦૧૫–૧૬

| મહિનો | RBS | RBS પોઝીટીવ | રિફર | સારવાર આપેલ દર્દી |
|---|---|---|---|---|
| એપ્રિલ | ૧૧૪૦ | ૯૧ | ૨૨ | ૧૯ |
| મે | ૧૨૧૦ | ૧૦૯ | ૪૮ | ૧૮ |
| જૂન | ૧૨૫૬ | ૧૦૯ | ૨૯ | ૧૧ |
| જુલાઈ | ૧૩૬૩ | ૧૪૭ | ૫૨ | ૩૦ |
| ઓગષ્ટ | ૧૫૩૨ | ૧૪૪ | ૫૧ | ૨૫ |
| સપ્ટેમ્બર | ૧૪૮૮ | ૧૦૭ | ૪૨ | ૨૦ |
| ઓકટોબર | ૧૩૫૮ | ૧૨૭ | ૪૫ | ૨૧ |
| નવેમ્બર | ૧૨૭૧ | ૧૧૨ | ૨૮ | ૧૦ |
| ડિસેમ્બર | ૧૮૮૯ | ૧૫૬ | ૪૨ | ૧૮ |
| જાન્યુઆરી | ૧૬૩૮ | ૧૧૭ | ૩૮ | ૧૩ |
| ફેબ્રુઆરી | ૧૬૭૯ | ૧૫૫ | ૫૮ | ૩૧ |
| માર્ચ | ૧૪૨૦ | ૧૫૬ | ૫૪ | ૧૬ |
| કુલ | *૧૭૨૪૪ | ૧૫૩૦ | ૫૦૯ | ૨૩૨ |

* કુલ સત્તર હજારથી વધુ તપાસ પૈકી ૧૬૫ જેટલા લોકોને પ્રથમવાર પોતાને ડાયાબીટીસ હોવાની જાણ થઈ.

## ટેબલ નં ૪–C.E.S. ઉમરપાડા અને માંગરોલ તાલુકા ફાઈનલ સર્વે રીપોર્ટ

| કલસ્ટર | કુલ ઘર | RBS | U/S | Positive |
|---|---|---|---|---|
| કોસંબા | ૪૩૧૩ | ૪૩૫૩ | ૩૮૬૬ | ૬૭૬ |
| તરસાડી | ૪૦૬૪ | ૩૧૯૫ | ૨૯૮૨ | ૩૦૮ |
| સીમોદ્રા | ૨૦૭૮ | ૨૩૭૩ | ૨૩૫૧ | ૩૧૧ |
| વેલાછા | ૨૪૩૯ | ૩૩૦૨ | ૩૨૪૯ | ૨૭૮ |
| કંટવા | ૩૨૨૭ | ૨૯૯૦ | ૨૯૯૦ | ૩૧૯ |
| પાલોદ | ૪૬૧૫ | ૩૮૪૬ | ૩૮૪૬ | ૬૮૨ |
| ડુંગરી | ૫૧૦૦ | ૬૫૭૮ | ૬૪૨૨ | ૩૦૯ |
| માંગરોલ | ૩૪૬૪ | ૪૪૫૨ | ૪૪૨૨ | ૨૮૯ |
| વાંકલ | ૩૫૭૦ | ૨૬૭૯ | ૨૬૭૯ | ૪૯૪ |
| ઝંખવાવ | ૩૦૯૨ | ૨૮૫૩ | ૨૭૩૪ | ૨૭૮ |
| વાડી | ૪૯૩૦ | ૪૧૯૫ | ૩૨૬૮ | ૮૮૪ |
| ઉમરપાડા | ૨૮૭૧ | ૧૯૧૭ | ૧૯૧૭ | ૪૪૭ |
| બિલવાણ | ૨૨૧૮ | ૨૫૩૨ | ૨૫૩૨ | ૬૪૧ |
| ઉમરગોટ | ૨૦૧૧ | ૧૭૬૪ | ૧૭૬૪ | ૩૫૩ |
| ચકરા | ૨૩૫૧ | ૨૦૭૧ | ૨૦૫૩ | ૬૩૪ |
| કુલ | ૫૦૩૪૩ | ૪૯૧૦૦ | ૪૭૦૭૫ | ૬૯૧૧ |

## ટેબલ નં ૫– ડાયાબિટિક રેટીનોપથી સ્ક્રીનીંગ રીપોર્ટ (કેમ્પમાં) વર્ષ ૨૦૧૫–૧૬


| મહિનો | કુલ કેમ્પ | કુલ ઓપીડી | કુલ RBS | RBS પોઝીટીવ | ફંડસ તપાસ | રિફર | સારવાર કરેલ દર્દી |
|---|---|---|---|---|---|---|---|
| એપ્રિલ | ૧૪ | ૨૨૭૩ | ૧૭૦૯ | ૬૮ | ૨૯ | ૧૦ | ૦૩ |
| મે | ૧૩ | ૧૯૩૬ | ૧૬૦૮ | ૭૭ | ૩૬ | ૧૪ | ૦૮ |
| જૂન | ૧૪ | ૨૨૩૫ | ૧૪૮૬ | ૪૯ | ૨૨ | ૧૦ | ૦૫ |
| જુલાઈ | ૧૪ | ૨૨૦૦ | ૧૬૪૯ | ૭૯ | ૪૨ | ૧૪ | ૦૬ |
| ઓગષ્ટ | ૧૪ | ૩૦૫૨ | ૧૯૧૯ | ૮૮ | ૩૬ | ૧૫ | ૧૦ |
| સપ્ટેમ્બર | ૧૫ | ૨૮૮૬ | ૧૯૮૫ | ૭૦ | ૩૩ | ૧૪ | ૦૯ |
| ઓકટોબર | ૧૩ | ૧૬૭૧ | ૧૦૮૮ | ૬૧ | ૨૭ | ૧૨ | ૦૭ |
| નવેમ્બર | ૦૯ | ૧૧૯૪ | ૮૨૨ | ૩૭ | ૧૪ | ૦૮ | ૦૪ |
| ડિસેમ્બર | ૧૪ | ૨૬૪૦ | ૧૮૧૩ | ૧૫૨ | ૭૨ | ૪૧ | ૩૩ |
| જાન્યુઆરી | ૧૫ | ૨૭૦૯ | ૧૯૧૯ | ૧૩૫ | ૬૮ | ૩૫ | ૩૦ |
| ફેબ્રુઆરી | ૧૩ | ૨૧૮૬ | ૧૫૪૯ | ૮૮ | ૩૮ | ૨૧ | ૧૫ |
| માર્ચ | ૧૩ | ૧૮૮૬ | ૧૩૯૧ | ૭૨ | ૩૦ | ૨૬ | ૧૨ |
| કુલ | ૧૬૧ | ૨૬૮૬૮ | ૧૮૯૩૮ | ૯૭૬ | ૪૪૭ | ૨૨૦ | ૧૪૨ |


## ટેબલ નં. ૬ – સ્પેશ્યાલીટી કામની આંકડાકીય માહિતી

| સ્પેશ્યાલીટી | ઓપીડી | | | સર્જરી | | |
|---|---|---|---|---|---|---|
| | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ |
| પડદાની તપાસ | ૩૬૦૫ | ૫૨૯૭ | ૬૪૭૭ | ૮૪૮ | ૯૬૫ | ૧૫૧૦ |
| ઝામરની તપાસ | ૧૨૨૯ | ૨૪૧૪ | ૨૪૭૦ | ૧૫ | ૩૩ | ૭૪ |
| કીકીના રોગોની તપાસ | ૧૫૩૪ | ૧૭૯૬ | ૨૯૧૧ | ૯૮ | ૧૧૩ | ૧૧૭ |
| આંખની પ્લાસ્ટીક સર્જરી | ૨૯૫ | ૨૦૭ | ૨૩૧ | ૨૦૨ | ૧૬૫ | ૨૪૪ |
| બાળકોની આંખ તપાસ | ૪૦૩૮ | ૪૧૭૦ | ૫૩૬૯ | ૯૩ | ૧૨૬ | ૨૨૭ |
| ન્યુરો ઓપ્થેલ્મોલોજી | ૧૯૪ | ૧૬૦ | ૧૨૨ | ૦ | ૦ | ૦ |
| લો વિઝન | ૨૮૪ | ૧૨૩ | ૪૮ | ૦ | ૦ | ૦ |
| કુલ | ૧૧૧૭૯ | ૧૪૧૬૭ | ૧૩૮૩૭ | ૧૨૫૬ | ૧૪૦૨ | ૨૧૭૨ |

## ટેબલ નં. ૭ – કેમ્પ સ્પેશ્યાલીટી રિફર એનાલીસીસ ૨૦૧૫–૧૬

| મહિનો | કુલ કેમ્પ | કુલ કેમ્પ ઓપીડી | કુલ સ્પેશ્યાલીટી રિફર | કુલ રિફર દર્દી આવ્યા | અન્ય ઓપરેશન |
|---|---|---|---|---|---|
| એપ્રિલ | ૧૪ | ૨૨૭૩ | ૧૩૬ | ૩૯ | ૧૩ |
| મે | ૧૩ | ૧૯૩૬ | ૧૨૭ | ૩૭ | ૧૩ |
| જૂન | ૧૪ | ૨૨૩૫ | ૯૫ | ૩૧ | ૨૦ |
| જુલાઈ | ૧૪ | ૨૨૦૦ | ૧૫૨ | ૩૧ | ૧૮ |
| ઑગષ્ટ | ૧૪ | ૩૦૫૨ | ૧૩૬ | ૩૫ | ૧૦ |
| સપ્ટેમ્બર | ૧૫ | ૨૮૮૬ | ૧૧૧ | ૩૦ | ૨૮ |
| ઓક્ટોબર | ૧૩ | ૧૬૭૧ | ૭૦ | ૨૧ | ૧૧ |
| નવેમ્બર | ૦૯ | ૧૧૯૪ | ૫૮ | ૧૫ | ૧૨ |
| ડિસેમ્બર | ૧૪ | ૨૬૪૦ | ૧૫૯ | ૬૬ | ૧૫ |
| જાન્યુઆરી | ૧૫ | ૨૭૦૯ | ૧૨૮ | ૭૦ | ૨૨ |
| ફેબ્રુઆરી | ૧૩ | ૨૧૮૬ | ૧૨૧ | ૫૦ | ૨૫ |
| માર્ચ | ૧૩ | ૧૮૮૬ | ૧૨૮ | ૬૩ | ૨૪ |
| કુલ | ૧૬૧ | ૨૬૮૬૮ | ૧૪૨૧ | ૪૮૮ | ૨૧૧ |




### જિજીવિષા પ્રબળ થઈ

ગોદાવરીબહેન બચુભાઈ દૂધાત, સુરત–બોમ્બે માર્કેટ પાસેના રહીશ છે. તેમની આર્થિક સ્થિતી સારી છે. ૭૦ વર્ષના ગોદાવરીબહેનને તેમના દીકરા અને વહુ હાથ પકડીને હોસ્પીટલમાં લઈ આવ્યા હતા. તપાસ કરતાં નિદાન થયું કે, તેમની બન્ને આંખની કીકી ખરાબ થઈ ગઈ છે તેથી કીકી બદલવાનું ઓપરેશન કરવું પડશે. તેમને હૈદરાબાદથી કીકી આવે ત્યારે ફરી આવવા જણાવ્યું.

દર્દીની ઉંમર વધુ હોવાથી એનેસ્થેટીસ્ટની વ્યવસ્થા કરી તેમજ કીકી મંગાવીને તેમનું ઓપરેશન કર્યુ. ગોદાવરીબહેનનું ઓપરેશન થઈ ગયા પછી પટ્ટી ખોલી અને આંખની તપાસ કરી ત્યારે તેઓ પોતાની આંખ જોઈને બોલી ઉઠયા " ઓહ આ મારી આંખ છે?!! " અને પોતાના પૌત્રને જોઈને તો તેમની આંખોમાં હર્ષાશ્રુ આવી ગયા. તેના ચહેરા પર વહાલભર્યો હાથ ફેરવીને કહેવા લાગ્યા "તું કેટલો મોટો થઈ ગયો?!"

ગોદાવરીબહેનને છેલ્લા છ વર્ષથી દેખાતું બંધ થઈ ગયું હતું તેમજ અન્ય હોસ્પીટલમાં પણ બતાવ્યું હતું પરંતુ દેખાવાની ગેરંટી કોઈએ આપી નહોતી. જયારે, હવે દેખાતું થતા તેઓ જાતે જ હરીફરી શકે છે, પોતાનું કામ જાતે કરી શકે છે. છેલ્લા છ વર્ષથી અંધાપો અનુભવી રહેલા ગોદાવરીબહેને જીવનમાંથી આનંદ ગુમાવી દીધો હતો પરંતુ હવે તેમને વધુ જીવવાની અને પોતાના પરિવાર સાથે ખુશહાલ જિંદગી જીવવાની આશા જન્મી છે.

## ટેબલ નંઃ– ૮ ભૌગોલિક વિસ્તાર પ્રમાણે કુલ કામગીરી

| રાજય/જીલ્લો | નવા | | જુના | | કુલ | | દાખલ દર્દી | |
|---|---|---|---|---|---|---|---|---|
| ગુજરાત | ૧૪/૧૫ | ૧૫/૧૬ | ૧૪/૧૫ | ૧૫/૧૬ | ૧૪/૧૫ | ૧૫/૧૬ | ૧૪/૧૫ | ૧૫/૧૬ |
| સુરત | ૨૭૦૬૧ | ૩૨૧૭૫ | ૧૩૦૮૯ | ૧૪૫૫૦ | ૪૦૧૫૦ | ૪૬૭૨૫ | ૩૩૮૬ | ૩૯૪૮ |
| તાપી | ૭૬૫૧ | ૯૫૪૬ | ૧૯૯૬ | ૩૩૯૨ | ૯૬૪૭ | ૧૨૯૩૮ | ૧૩૮૬ | ૧૬૫૧ |
| ભરૂચ | ૩૭૧૭ | ૩૬૨૬ | ૧૨૫૧ | ૧૬૭૫ | ૪૯૬૮ | ૫૩૦૧ | ૪૩૩ | ૯૬૯ |
| નર્મદા | ૧૬૯ | ૩૭૭ | ૨૫૨ | ૩૧૩ | ૪૨૧ | ૬૯૦ | ૮૪ | ૧૧૪ |
| નવસારી | ૩૯૧૦ | ૨૬૫૭ | ૫૮૦ | ૯૫૬ | ૪૪૯૦ | ૩૬૧૩ | ૫૭૫ | ૭૧૭ |
| વલસાડ | ૭૮ | ૯૧ | ૧૫૧ | ૧૪૪ | ૨૨૯ | ૨૩૫ | ૫૦ | ૫૭ |
| અન્ય | ૯૭ | ૩૫૨ | ૬૯ | ૭૮ | ૧૬૬ | ૪૩૦ | ૧૪ | ૩૦ |
| અન્ય રાજયના | ૦૩ | ૭૮ | ૨૯ | ૧૮ | ૩૨ | ૯૬ | ૦૪ | ૦૩ |
| મહારાષ્ટ્ર નંદુરબાર | ૧૫૭૭ | ૧૭૬૫ | ૩૧૫ | ૬૬૩ | ૧૮૯૨ | ૨૪૨૮ | ૩૨૦ | ૪૫૩ |
| મહારાષ્ટ્રના અન્ય તાલુકાઓ | ૨૦ | ૬૫ | ૬૩ | ૫૫ | ૮૩ | ૧૨૦ | ૧૯ | ૧૬ |
| કુલ | ૪૪૨૮૩ | ૫૦૭૩૨ | ૧૭૭૯૫ | ૨૧૮૪૪ | ૬૨૦૭૮ | ૭૨૫૭૬ | ૬૫૨૯ | ૮૨૨૬ |
| નેત્રંગ | ૩૬૭૯ | ૪૭૬૭ | ૯૭૩ | ૧૧૪૪ | ૪૬૫૨ | ૫૯૧૧ | ૫૮ | ૧૦૪ |
| ઝંખવાવ | ૧૫૯૦ | ૨૦૬૬ | ૬૪૨ | ૯૯૬ | ૨૨૩૨ | ૩૦૬૨ | ૧૭૪ | ૧૬૪ |
| કુલ | ૪૯૫૫૨ | ૫૭૫૬૫ | ૧૯૪૧૦ | ૨૩૯૮૪ | ૬૮૯૬૨ | ૮૧૫૪૯ | ૬૭૬૧ | ૮૪૯૪ |

## ટેબલ નં. – ૯ ઓપરેશન કામગીરી

| સર્જરીનું નામ | સ્થિતિપાત્ર દર્દીઓ | | અંશતઃ માફી | | સંપૂર્ણ માફી | | કુલ ઓપરેશન | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨૦૧૪–૨૦૧૫ | ૨૦૧૫–૨૦૧૬ | ૨૦૧૪–૨૦૧૫ | ૨૦૧૫–૨૦૧૬ | ૨૦૧૪–૨૦૧૫ | ૨૦૧૫–૨૦૧૬ | ૨૦૧૪–૨૦૧૫ | ૨૦૧૫–૨૦૧૬ |
| મોતિયો ફેકો વડે નેત્રમણિ સહિત | ૩૧૧ | ૪૪૫ | ૦ | ૦૦ | ૮૪૨ | ૯૯૫ | ૧૧૫૩ | ૧૪૪૦ |
| મોતિયાનું ટાંકા વગર નેત્રમણિ સાથે | ૩૨૮ | ૩૨૫ | ૨૪૧ | ૩૭૪ | ૩૧૪૧ | ૩૭૪૨ | ૩૭૧૦ | ૪૪૪૧ |
| સાદો મોતિયો – નેત્રમણિવિના | ૧ | ૦૦ | ૨ | ૦૩ | ૧૬ | ૨૦ | ૧૯ | ૨૩ |
| મોતિયો–ઝામર–નેત્રમણિ | ૧૨ | ૧૪ | ૧ | ૦૨ | ૨૯ | ૩૫ | ૪૨ | ૫૧ |
| મોતિયો–વેલ–નેત્રમણિ | ૬ | ૧૧ | ૪ | ૦૫ | ૮૫ | ૧૮૦ | ૯૫ | ૧૯૬ |
| ઝામરનું ઓપરેશન | ૧૩ | ૦૮ | ૨ | ૦૧ | ૧૪ | ૧૦ | ૨૯ | ૧૯ |
| કીકી બદલવાનું ઓપરેશન | ૯ | ૩૦ | ૩ | ૧૩ | ૧૦૧ | ૬૬ | ૧૧૩ | ૧૦૯ |
| એવાસ્ટીન ઈંજેકશન | ૨૩૫ | ૩૮૬ | ૩૭ | ૨૬ | ૩૯ | ૮૨ | ૩૧૧ | ૪૯૪ |
| વેલ | ૫૭ | ૯૧ | ૮ | ૧૨ | ૧૬૧ | ૨૭૭ | ૨૨૬ | ૩૮૦ |
| ખસી ગયેલ પડદાનું ઓપરેશન | ૧૫ | ૧૬ | ૪ | ૦૮ | ૧૩ | ૧૮ | ૩૨ | ૪૨ |
| વિટ્રેકટોમી | ૩૨ | ૮૬ | ૪૯ | ૭૫ | ૧૦૦ | ૧૪૯ | ૧૮૧ | ૩૧૦ |
| નાસુરનું ઓપરેશન | ૧૭ | ૩૪ | ૩ | ૦૩ | ૪૫ | ૯૨ | ૬૫ | ૧૨૯ |
| રેટીના ડીટેચમેન્ટ + વિટ્રેકટોમી | ૧૨ | ૦૭ | ૧૦ | ૧૧ | ૨૨ | ૧૩ | ૪૪ | ૩૧ |
| મોતિયો–વિટ્રેકટોમી–નેત્રમણી | ૧૦ | ૧૦ | ૨૬ | ૨૦ | ૧૨૩ | ૧૫૩ | ૧૫૯ | ૧૮૩ |
| પડદાની અન્ય સારવાર | ૪૩ | ૬૬ | ૧૧ | ૧૩ | ૪૦ | ૬૪ | ૯૪ | ૧૪૩ |
| ઢળેલી પાંપણની શસ્ત્રક્રિયા | ૧૭ | ૪૩ | ૧૨ | ૦૫ | ૩૯ | ૩૬ | ૬૮ | ૮૪ |
| ત્રાંસી આંખ | ૧૦ | ૧૯ | ૭ | ૦૯ | ૧૨ | ૧૩ | ૨૯ | ૪૧ |
| અન્ય ઓપરેશન | ૩૬ | ૪૦ | ૧૫ | ૨૧ | ૧૧૦ | ૧૧૬ | ૧૬૧ | ૧૭૭ |
| ચેલેઝીયોન (આંજણી) | ૪૪ | ૪૫ | ૧ | ૦૦ | ૬ | ૦૭ | ૫૧ | ૫૨ |
| આંખમાંથી કચરૂં કાઢવાની પ્રક્રિયા | ૪૫૫ | ૫૪૨ | ૧૭ | ૦૯ | ૯ | ૧૦ | ૪૮૧ | ૫૬૧ |
| મોતિયા પછી થતી છારી કાઢવાનું લેસર | ૪૯૦ | ૫૨૮ | ૪૯ | ૨૮ | ૩૫૨ | ૪૨૭ | ૮૯૧ | ૯૮૩ |
| લેસર વડે પડદાની સારવાર | ૩૬૨ | ૪૨૪ | ૪૭ | ૨૭ | ૧૧૯ | ૧૦૬ | ૫૨૮ | ૫૫૭ |
| કુલ | ૨૫૧૫ | ૩૧૭૦ | ૫૪૯ | ૬૬૫ | ૫૪૧૮ | ૬૬૧૧ | ૮૪૮૨ | ૧૦૪૪૬ |

## તાલીમ પ્રવૃતિ

તાલીમ પામેલ કુશળ કાર્યકરો દરેક સંસ્થાના ઘરેણા સમાન છે. વર્ષોવર્ષ જેમ કામગીરી વધે તેમ દરેક કાર્યકરની ક્ષમતા વધે અને કામગીરીની ગુણવત્તા સુધરે તે માટેના પ્રયત્નો સતત કરવામાં આવે છે.

આ વર્ષે બહારના સ્ટાફ/ડોકટર્સની તાલીમ તથા વ્યકિતગત રીતે અમારા સ્ટાફની તાલીમની વિગત નીચે દર્શાવેલ ટેબલમાં આપી છે.

### હોસ્પિટલ સ્ટાફની તાલીમ

| ક્રમ | ભાગ લેનાર | વિષય | સમયગાળો | સ્થળ | મહિનો |
|---|---|---|---|---|---|
| ૧ | વિમલ પ્રજાપતિ | હોસ્પિટલ એડમીનીસ્ટ્રેશન | ૧ મહિનો | મદુરાઈ | એપ્રિલ–૧૫ |
| ૨ | ડો. પાર્થ જોષી | ગ્લુકોમા શોર્ટ ટર્મ | ૧ મહિનો | તિરૂનેલવેલી | મે–૧૫ |
| ૩ | ડો. શીતલ ચૌધરી | પીડીયાટ્રીક ઓપ્થેલ્મોલોજી | ૧ મહિનો | એચ.વી દેસાઈ આઈ હોસ્પીટલ, પૂણે | જૂન–૧૫ |
| ૪ | ડો. શિલ્પા પટેલ | રેટીનોપથી ઓફ પ્રિમેચ્યોરીટી તાલીમ | ૧ મહિનો | અરવિંદ આઈ હોસ્પિટલ કોઈમ્બતુર | જૂન–૧૫ |
| ૫ | ડો. ધવત સુખારામવાલા | મેડીકલ રેટીના | ૨ મહિના | એચ.વી દેસાઈ આઈ હોસ્પીટલ, પૂણ | જુલાઈ– ઓગષ્ટ ૧૫ |
| ૬ | વિપુલ જોષી, ચિંતન શીરોહીયા | ચશ્મા વેચાણ | ૧૫ દિવસ | સુખારામવાલા ઓપ્ટીકલ, સુરત | જૂન–૧૫ |
| ૭ | ડો. રોહન ચરીવાલા | આઈએક્ષેલ | ૪ દિવસ | મદુરાઈ | જુલાઈ–૧૫ |
| ૮ | દીપક પ્રજાપતિ | ચશ્મા વેચાણ | ૧૫ દિવસ | સુખારામવાલા ઓપ્ટીકલ સુરત | જુલાઈ–૧૫ |
| ૯ | યતીન મિસ્ત્રી | આઈ બેંકીગ અને ઈન્યુકલીએશન | ૧ અઠવાડિયું | મુંબઈ | ૨૦ થી ૨૬ જુલાઈ |
| ૧૦ | ડો. રોહન ચરીવાલા અને યતીન મિસ્ત્રી | આઈ બેંકીગ અને ઈન્યુકલીએશન | ૧ અઠવાડિયું | હૈદરાબાદ | ૭ થી ૧૨ સપ્ટે. |
| ૧૧ | ડો. રોહન ચરીવાલા | ટ્રેનીગ ઓફ ટ્રેનર્સ | ૧ દિવસ | બેંગ્લોર | ૬ સપ્ટે ૧૫ |
| ૧૨ | ડો. દર્શન કંસારા | આઈ બેંક કન્ટીન્યુસ મેડીકલ એજયુકેશન | ૨ દિવસ | દિલ્હી | ઓકટો.–૧૫ |
| ૧૩ | રેપીડ એસેસમેન્ટ ઓફ બ્લાઈન્ડનેસ સર્વે માટેની ટીમ | રેપીડ એસેસમેન્ટ ઓફ એવોઈડેબલ બ્લાઈન્ડનેસ ટ્રેનીગ | ૪ દિવસ | લખનઉ | સપ્ટે.–૧૫ |
| ૧૪ | ઓપ્થેલ્મીક આસીસ્ટંટ | રોઝ કે લેન્સેસ | ૧ કલાક | માંડવી | સપ્ટે.–૧૫ |
| ૧૫ | ડો. શીતલ ચૌધરી | ગ્લુકોમા ઓબ્ઝરવરશીપ | ૧ અઠવાડિયું | યુ.એસ.એ | ઓકટો.–૧૫ |
| ૧૬ | ડો. શીતલ ચૌધરી | ગ્લુકોમા ઓબ્ઝરવરશીપ | ૧ અઠવાડિયું | કેઝર ગ્રૂપ, કેલીફોર્નીયા | નવે.–૧૫ |
| ૧૭ | મીલન પટેલ | રેફ્રીજરેશન અને એરકન્ડીશનીગ | ૩ મહિના | બારડોલી | નવે. ૧૫ થી જાન્યું. ૧૬ |
| ૧૮ | નર્સીગ સ્ટાફ અને ઓપ્થેલ્મીક આસીસ્ટંટ | ટ્રેનીગ –કૃત્રિમ શ્વાસોચ્છવાસ | અડધો દિવસ | ડો. અનુજ કલાર્ક | માર્ચ–૧૬ |
| ૧૯ | ડો. રોહન ચરીવાલા | કેરેટોપ્લાસ્ટી માટે એડવાન્સ તાલીમ | ૧ અઠવાડિયું | મદુરાઈ | માર્ચ–૧૬ |

## બહારના સ્ટાફ/ડોકટર્સની તાલીમ

| ક્રમ | તાલીમાર્થીનું નામ | સમયગાળો | વિષય | શહેરનું નામ | મહિનો |
|---|---|---|---|---|---|
| ૧. | ડો.ઋષિ દેસાઈ | ૧ મહિનો | ફેકો ટ્રેનીગ | અમદાવાદ | એપ્રિલ–૧૫ |
| ૨. | શ્રી વિશાલ જાની | ૧૫ દિવસ | બ્લોક આપવાની તાલીમ | વાંકાનેર | એપ્રિલ–૧૫ |
| ૩. | ડો. તાપસ રાવલ | ૧ મહિનો | મેડીકલ રેટીના | વાંકાનેર | મે–૧૫ |
| ૪. | ડો. ફોરમ દેસાઈ | ૧ મહિનો | ફેકો ટ્રેનીગ | સુરત | મે–૧૫ |
| ૫. | ડો. આકાશ શાહ | ૨ મહિના | SICS | વડોદરા | જૂન–જુલાઈ ૧૫ |
| ૬. | ડો. ચિંતન મહેશ્વરી | ૧ મહિનો | ફેકો ટ્રેનીગ | મોરબી | જૂન–૧૫ |
| ૭. | સંદીપભાઈ | ૧ અઠવાડિયું | 'એ' સ્કેન | ભીવંડી,મહારાષ્ટ્ર | મે –૧૫ |
| ૮. | કાકાજી | ૧૫ દિવસ | બ્લોક, 'એ' સ્કેન | ભીવંડી,મહારાષ્ટ્ર | જૂન–૧૫ |
| ૯. | ડો. પાર્થિક બરવાળીયા | ૧ મહિનો | ફેકો ટ્રેનીગ | સુરત | જુલાઈ–૧૫ |
| ૧૦. | ડો. દર્શન કલાઈગર | ૧ વર્ષ | કોર્નીયા ફેલોશીપ | સુરત | જુલાઈ–૧૫ |
| ૧૧. | ડો. વિશાલ રાજન શર્મા | ૧ મહિનો | ફેકો ફેલોશીપ | જયપુર | ઓગષ્ટ–૧૫ |
| ૧૨. | ડો. પ્રતીક ઘીવાળા | ૧ મહિનો | ફેકો ફેલોશીપ | સુરત | સપ્ટે–૧૫ |
| ૧૩. | ડો. વિકાસ પટેલ | ૧ મહિનો | ફેકો ફેલોશીપ | નવસારી | સપ્ટે–૧૫ |
| ૧૪. | ડો.કુમારપાળ ઝાલા | ૨ મહિના | SICS | સુરેન્દ્રનગર | સપ્ટે–ઓકટો |
| | ડો.કુમારપાળ ઝાલા | ૧ મહિનો | મેડીકલ રેટીના | સુરેન્દ્રનગર | નવે–૧૫ |
| ૧૫. | ઓપ્થેલ્મીક આસીસ્ટંટસ | ૧ અઠવાડિયું | રીફ્રેશર કોર્ષ | જાબુઆ/સતના | સપ્ટે–૧૫ |
| ૧૬. | ઓપ્થેલ્મીક નર્સીસ | ૧ અઠવાડિયું | રીફ્રેશર કોર્ષ | જાબુઆ | સપ્ટે–ઓકટો |
| ૧૭. | નર્સીસ સ્ટાફ | ૧ અઠવાડિયું | રીફ્રેશર કોર્ષ | ભોપાલ | ઓકટો–૧૫ |
| ૧૮. | ડો. હેત્વી દેસાઈ | ૨ મહિના | SICS ફેલોશીપ | સુરત | ઓકટો–નવે |
| ૧૯. | ડો. ફાતેમા હથિયારી | ૧ મહિનો | ફેકો | સાવરકુંડલા | ઓકટો–૧૫ |
| ૨૦ | ડો. વિભોર ગુપ્તા | ૧ અઠવાડિયું | ફેકો | દિલ્હી | ઓકટો–૧૫ |
| ૨૧. | નિમિષા ગોહિલ | ૧ અઠવાડિયું | બ્લોક આપવાની તાલીમ | વાંકાનેર | ૨ થી ૬ નવેમ્બર-૧૫ |
| ૨૨. | ડો.અનિકેત પટેલ | ૨ મહિના | ફેકો | સુરત | નવે થી જાન્યુ |
| ૨૩. | ઓપ્થેલ્મીક આસીસ્ટંટસ | ૧ અઠવાડિયું | રીફ્રેશર તાલીમ | સતના | નવે–૧૫ |
| ૨૪. | ડો. હેત્વી દેસાઈ | ૩ મહિના | ફેકો ટ્રેનીગ | સુરત | ડીસે થી ફેબ્રુ |
| ૨૫. | ડો. નિરવ પટેલ | ૧ મહિનો | ફેકો ફેલોશીપ | સુરત | જાન્યુ–૧૬ |
| ૨૬. | સૂરજ સીગ | ૧ અઠવાડિયું | ઓટી અને ઓપીડી ઓબ્ઝર્વરશીપ | સુરત | જાન્યુ–૧૬ |
| ૨૭. | ડો. આસ્થા દેસાઈ | ૨ મહિના | SICS | સુરત | ફેબ્રુ –૧૬ |
| ૨૮. | ડો. ઋતા પારેખ | ૨ મહિના | SICS | સુરત | ફેબ્રુ –૧૬ |
| ૨૯. | વનિતાબેન તાવિયાડ<br>નિધીબેન પટેલ | ૨ દિવસ | ઓટી ટેકનીક ઓબ્ઝર્વેશન | શામળાજી | માર્ચ–૧૬ |
| ૩૦. | ડો. શિવમ સુદ | ૨ મહિના | SICS | પંજાબ | માર્ચ–૧૬ |

## દારૂના દૈત્યને કોણ નાથશે ?

૩ વર્ષની નાનકડી અંજલીને જમણી આંખમાં કંઈક કચરૂં પડવાને કારણે સફેદી આવી ગઈ હતી એટલે કે ચેપ થઈ ગયો હતો. તેના માતાપિતા અને ફોઈ માંડવી હોસ્પીટલમાં તેને બતાવવા લઈ આવ્યા.

તેઓ સાંજે આવ્યા હોઈ તાત્કાલિક એનેસ્ટીસ્ટને બોલાવી આંખમાં ઈન્જેકશન આપ્યું. બીજે દિવસે તપાસ કરતાં, હજુ બે દિવસ રાખવાની જરૂર છે, એમ લાગ્યું તેથી તેમને દાખલ રાખ્યા. અંજલીની માતા અને ફોઈ તેણીની સાથે રહયા. પરંતુ બન્નેને દારૂની આદત હોવાથી દારૂ પીને સૂઈ ગયા. ફોઈને દારૂની અસર થોડી ઓછી થઈ પરંતુ અંજલીનું ધ્યાન તો બે માંથી એકેય ન રાખ્યું. આથી નર્સ સ્ટાફ અને અન્ય સ્ટાફે બાળકીની સંભાળ લીધી. માતા અને ફોઈ બન્ને નશામાં હોવાથી અંજલીના પિતાને ફોન કર્યો, પણ કમનસીબે તેઓ પણ નશામાં હોવાથી કોઈ વાત સમજવા કે સાંભળવા તૈયાર ન હતું. આથી ફોન તેમના મિત્રએ લીધો અને વાત કરી પણ "કહયું કાંઈને સમજ્યું કશું" એવી સ્થિતીમાં તેઓ રીક્ષા લઈને આવ્યા અને સરખી તપાસ કરાવ્યા વગર કે રોકાવાની સુચના હોવા છતાં રજા લઈને ચાલ્યા ગયા.

બીજે દિવસે બતાવવા લાવ્યા, ત્યારે ફરી ઓપરેશનની જરૂર છે એમ જણાવ્યું પરંતુ તેઓ કશું જ સાંભળ્યા વગર ચાલ્યા ગયા. ત્યારબાદ તેમનો મોબાઈલ પણ ઉઠાવતા નથી. અંજલીની આંખમાં ચેપ વધી ગયો હોવાથી તેને જમણી આંખમાં દેખાતું નથી. આવા સંજોગોમાં કદાચ તેની જમણી આંખ જશે. માતાપિતા બન્ને ને દારૂની આદતને કારણે બાળકીનું જીવન અત્યંત દયનીય થઈ ગયું છે. પણ આ લતને સંપૂર્ણ પણે દૂર કરવાનું કે નિયંત્રણમાં રાખવાનું કામ અશક્ય લાગે છે. ઘણી જગ્યાએ દારૂ છોડાવવાના પ્રયત્નો થાય છે કેટલીકવાર સફળતા પણ મળે છે પરંતુ તે લાંબુ ટકતી નથી. આને માટે શું થઈ શકે?

## પ્રેઝન્ટેશન્સ, કોન્ફરન્સ–વર્કશોપ

દિવ્યજ્યોતિ ટ્રસ્ટના ડોકટર્સને એકેડેમીક એકટીવીટીના ભાગ રૂપે જુદી જુદી કોન્ફરન્સમાં અને વર્કશોપમાં ભાગ લેવાની તક આપવામાં આવે છે.

આંખને લગતી બધા પ્રકારની સારવાર ઉપલબ્ધ હોવાથી, જુદા જુદા રોગો વિશે અભ્યાસ કરવાનું શક્ય બને છે. તેના આધારે તૈયાર કરવામાં આવેલા રીસર્ચ પેપર્સ અને પોસ્ટર્સ પણ આ કોન્ફરન્સ/વર્કશોપમાં રજૂ કરવાની તક મળે છે. વર્ષ દરમિયાન ડોકટરો/સ્ટાફે નીચે મુજબ કોન્ફરન્સ/વર્કશોપમાં ભાગ લીધો અને રજૂઆત કરી.

| ક્રમ | સ્ટાફનું નામ | સ્થળ | તારીખ | વિષય | વિગત |
|---|---|---|---|---|---|
| ૧. | ડૉ. ઉદયભાઈ ગજીવાળા | જયપુર | ૬–૭ એપ્રિલ ૨૦૧૫ | પ્રાયમરી આઈ કેર | રીસોર્સ પર્સન |
| ૨. | ડૉ. રોહન ચરીવાલા | દિલ્હી | એપ્રિલ ૨૦૧૫ | દિલ્હી ઓપ્થેલ્મોલોજીકલ સોસાયટી વાર્ષિક કોન્ફરન્સ | રીસોર્સ પર્સન |
| ૩. | ડૉ. પાર્થ જોષી,<br>ડૉ. દેવાંશી શાહ | દિલ્હી | એપ્રિલ ૨૦૧૫ | દિલ્હી ઓપ્થેલ્મોલોજીકલ સોસાયટી વાર્ષિક કોન્ફરન્સ | સહભાગી |
| ૫. | ડૉ. શિલ્પા પટેલ | કોઈમ્બતુર | જૂન ૨૦૧૫ | આરઓપી ટ્રેનીંગ | સહભાગી |
| ૬. | ડૉ. ઉદયભાઈ ગજીવાળા<br>ડૉ. અમીષભાઈ પટેલ | બેંગ્લોર | જૂન ૨૦૧૫ | બેંગ્લોર ઓપ્થેલ્મોલોજીકલ સોસાયટી કોન્ફરન્સ | રીસોર્સ પર્સન |
| ૭. | ડૉ. ઉદયભાઈ ગજીવાળા | હૈદરાબાદ | જુલાઈ ૨૦૧૫ | ઈન્ફેકશન કંટ્રોલ | રીસોર્સ પર્સન |
| ૮. | ડૉ. રોહન ચરીવાલા | બેંગ્લોર | ૬.૯.૧૫ | ટ્રેનીંગ ઓફ ટ્રેનર્સ | સહભાગી |
| ૯. | ડૉ. શીતલ ચૌધરી | મુંબઈ | ૨ થી ૪ ઓકટો. | ગ્લુકોમા સોસાયટી ઓફ ઈન્ડીયા વાર્ષિક કોન્ફરન્સ | રીસોર્સ પર્સન |
| ૧૦. | ડૉ. ઉદયભાઈ ગજીવાળા | લખનઉ | ૨૯ થી ૩૧ ઓકટો. | એકોઈન મિટીંગ | રીસોર્સ પર્સન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧. | ડો. ઉદયભાઈ ગજીવાળા | દિલ્હી | ૨ નવેમ્બર | ડાયાબિટીક રેટીનોપથી પ્રોટોકોલ પ્રીપેરેશન મિટીંગ | રીસોર્સ પર્સન |
| ૧૨. | ડો. શીતલ ચૌધરી | લોસ એન્જેલસ અમેરિકા | ૧૭ થી ૧૯ નવેમ્બર | અમેરિકન એકેડમી ઓફ ઓપ્થેલ્મોલોજી વાર્ષિક કોન્ફરન્સ | સહભાગી |
| ૧૩. | ડો. ઉદયભાઈ ગજીવાળા | દિલ્હી | ૨૭ નવે. ૨૦૧૫ | કોમ્યુનીટી ઓપ્થેલ્મોલોજી સોસાયટી ઓફ ઈન્ડીયા | રીસોર્સ પર્સન |
| ૧૪. | ડો. શીતલ બેન/ ડો.પાર્થભાઈ /ડો. ધવતભાઈ/ડો.જાગૃતિબેન | પૂણે | ૪ થી ૬ ડિસેમ્બર | SICS કોન્ફરન્સ | સહભાગી |
| ૧૫. | ડો. રોહન ચરીવાલા | દિલ્હી | ૫ થી ૬ ડિસેમ્બર | પ્રાઈમરી આઈ કેર | રીસોર્સ પર્સન |
| ૧૬. | વિમલ પ્રજાપતિ | મુંબઈ | ૭ થી ૯ ડિસેમ્બર | સોલર એનર્જી યુટીલાઈઝેશન | સહભાગી |
| ૧૭. | નિખીલભાઈ / વિમલ પ્રજાપતિ | મુંબઈ | ૧૧–૧૨ ડિસેમ્બર | વિઝન ૨૦૨૦ રાઈટ ટુ સાઈટ ઈન્ડિયા | સહભાગી |
| ૧૮. | ડો. શિલ્પા પટેલ | સુરત | ૧૨ ડિસેમ્બર | રેટીના સીએમઈ | રીસોર્સ પર્સન |
| ૧૯. | ડો. ઉદયભાઈ ગજીવાળા | ભોપાલ | ૨૮ ડિસેમ્બર | પ્રોટોકોલ અને અર્બન આઈ હેલ્થ પ્રોજેક્ટ | રીસોર્સ પર્સન |
| ૨૦. | નિખીલભાઈ | મદુરાઈ | ૧૭ થી ૨૩ જાન્યુ૧૬ | મેનેજમેન્ટ પ્રાયોરીટી ઈન આઈ કેર | સહભાગી |
